NAVSARI AGRICULTURAL UNIVERSITY

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

<u>વંચાણે</u> : આ કચેરીનો પરિપત્ર જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૭૦/૨૦૧૩ નવસારી તા. ૧૬/૦૮/૨૦૧૩

# પરિપત્ર

જયભારત સહ જણાવવાનું કે, આગામી તા. ૯ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ દરમ્યાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાનાર "Vibrant Gujarat Global Agri-business Summit" માં રાજય સરકારશ્રી તરફથી નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર વિસ્તારના ઈનોવેટીવ ખેડૂતોના કુલ ૧૬ સ્ટોલ્સની પસંદગી થઈ છે, જેની વિગત આ કચેરીના ઉપરોકત વંચાણે લીધેલ પત્રથી પરિપત્રિત કરવામાં આવી છે. પસંદ થયેલ સ્ટોલ્સના સબંધિત લાયેઝન અને અમલીકરણ અધિકારીઓએ તેઓને લાગુ પડતાં જે તે ઈનોવેટીવ ખેડૂતોને તા. ૮ થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૩ સુધી ગાંધીનગર ખાતે યોજાનાર કૃષિ પ્રદર્શનમાં ભાગ લેવા માટે અગાઉથી જાણ કરવાની રહેશે.

ઉપરોકત ૧૬ સ્ટોલ્સ ઉપરાંત આ પ્રસંગે પ્રદર્શિત થનાર "Best Practice Pavillion" માં રાજયની દરેક કૃષિ યુનિવર્સિટીને ૧૨x૬ ચો.ફૂટનો એક સ્ટોલ ફાળવવામાં આવનાર છે. આ સ્ટોલમાં ૩x૫ ફૂટની એક એવી ૬ (છ) પેનલમાં આપણી યુનિવર્સિટીના નીચે દર્શાવેલ વિભાગોની માહિતી પ્રદર્શિત કરવાનું નકકી કરવામાં આવેલ છે.

| અ.નં. | કૃષિ ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર વિભાગનું નામ |
|---|---|---|
| ૧ | શેરડીમાં ટકાઉ ખેતીનો નૂતન અભિગમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૨ | ડાંગરની નવી જાતો અને મૂલ્યવર્ધન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી |
| ૩ | બાગાયત (હાઈટેક હોર્ટિકલ્ચર) | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૪ | કેળનાં નકામા થડમાંથી મૂલ્યવૃધ્ધિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) જળ અને જમીન સંશોધન એકમ, ન.કૃ.યુ., નવસારી |
| ૫ | કપાસની નવી જાતો અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત |
| ૬ | બાયોફર્ટિલાઈઝર–ઓર્ગેનીક ખેતી–NAUROJI Trap | પ્રાધ્યાપક અને વડાશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, ન.મ. કૃષિ મહાવિધાલય, નવસારી |

**● માહિતી તૈયાર કરવા અંગેનું માર્ગદર્શન :**

૧. દરેક વિભાગે ૩ x ૫ ફૂટની એક જ પેનલમાં સમાય તેટલી માહિતી **ફકત બુલેટ પોઈન્ટમાં** તૈયાર કરવાની રહેશે.

૨. દરેક વિભાગે પ્રદર્શિત થનાર ટેકનોલોજીના બે થી ત્રણ હાઈ રીઝોલ્યુએશનવાળા ફોટોગ્રાફસ jpg ફોર્મેટમાં આપવાના રહેશે.

૩. પેનલનું લખાણ ટૂંકુ છતાં અગત્યની બાબત રહી ન જાય તેની ખાસ કાળજી લેવી.

૪. અ.નં. ૬ સામે દર્શાવેલ વિભાગના વડાએ અન્ય સબંધિત વિભાગોનો સહયોગ મેળવીને પેનલની માહિતી તૈયાર કરવાની રહેશે.

**પાછળ પાના નં.૨ પર ચાલુ.....**

ઉપરોકત માહિતી તૈયાર કરીને **તા.૨૧/૦૮/૨૦૧૩ના રોજ સાંજે ૫.૦૦ કલાકે** મા.કુલપતિશ્રીની કચેરીના કોન્ફરન્સ હોલમાં મા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળનાર બેઠકમાં સાથે લાવવા વિનંતી છે.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની સૂચનાનુસાર બહાર પાડવામાં આવે છે.

–: સહી :–

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/૪૪૭૨–૪૪૮૦/૨૦૧૩
નવસારી તા. ૧૯/૦૮/૨૦૧૩

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી
૩. આચાર્યશ્રી, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી
૪. ઉપર દર્શાવેલ તમામ લાયેઝન અને અમલીકરણ અધિકારીઓ